# પાલનપુર નજીક આવેલા સલ્લા ગામે અલ્પેશ ઠાકોરની જાહેરાત

## આગામી ૬ નવેમ્બરે ગાંધીનગરમાં આંદોલનની શરૂઆત વિધાનસભા ઘેરાવ સાથે ઉપવાસ આંદોલન યોજાશે





પાલનપુર, તા.૨૮

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ અલ્પેશ ઠાકોરે આજે બનાસકાંઠાના પાલનપુર નજીક આવેલા સલ્લા ગામે થી રાજનીતિમાં સક્રિય થવાની સાથે આગામી ૬ નવેમ્બરના રોજ ગાંધીનગરમાં ઉપવાસ આંદોલન અને વિધાનસભાનાં ઘેરાવના કાર્યક્રમની વિધિવત જાહેરાત સાથે બનાસકાંઠા થી સભા ની શરૂઆત કરી હતી.

બનાસકાંઠાના પાલનપુર નજીક આવેલા સલ્લા ગામે એક્સ આર્મીના અધ્યક્ષ શાંતીજી ઠાકોરની શોક સભા બાદ જાહેર સભા યોજી આગામી સમયમાં સરકારને જાગૃત થવાની હાકલ કરી હતી તેમજ ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના અને ઓબીસી, એસસી, એસટી એકતા મંચના નેજા હેઠળ સરકાર દારૂબંધીનો ચુસ્તપણે અમલ કરાવે તેવી માંગ સાથે ચુસ્ત કાયદો બનાવવાની નેમ સાથે ગાંધીનગર વિધાનસભા ઘેરાવ ની પણ જાહેરાત કરી હતી. તેમજ ૬ નવેમ્બરથી ગાંધીનગરમાં ઉપવાસ આંદોલન સહીત દારૂ બધી સામે કોઈ ઠોસ કાયદો ન બને ત્યાં સુધી આંદોલનથી ઉભા ન થવાની સાથોસાથ મુખ્ય પ્રધાન જાતે આવી વિધાનસભામાં ખરડો પસાર કરાવી ન બતાવે ત્યાં સુધી લડત આપવાની જાહેરાત કરી હતી.

રાજ્યમાં પાટીદાર અનામત આંદોલનની સમાંતરે અનામતનો અધિકાર બચાવવા ઓબીસી, એસસી, એસટી સમાજોને એકઠા કર્યા બાદ અલ્પેશ ઠાકોરે વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સક્રિય રાજનીતિ કરવાની પણ જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, 'હું વ્યક્તિગત રીતે ક્યારેય સક્રિય રાજકારણમાં નહીં આવું, પરંતુ ઠાકોર ક્ષત્રિય સેના અને ઓબીસી, એસસી, એસટી એકતા મંચ સંગઠનો તરીકે સક્રિય રાજનીતિ કરશે. જો સરકાર અમારી માંગણીઓ નહીં માને તો અમે અમારી સરકાર બનાવીશું. ઉપવાસ આંદોલનની તૈયારી વિશે કહ્યું કે, 'દારૂબંધી, શિક્ષણમાં ન પોસાય તેવી મોંઘવારી, શિક્ષિત યુવાનોમાં બેકારી, સિંચાઈ માટે નર્મદાનું પાણી જેવા મુદ્દા કોઈ એક સમાજના નહીં, સમગ્ર ગુજરાતની પ્રજાના છે. તેમજ દરેક જિલ્લા મથકે જાહેર સભા કરીશું અને આ આંદોલનમાં રાજ્યમાં સવર્ણ સમાજો સહિત સૌને સાથે જોડીશું મજબૂત કાયદો બનવવાનો કરીશું.

એક તરફ પાટીદાર આંદોલન હજુ સમેટાયું નથી તો બીજી તરફ દલિત આંદોલન વધુ વેગ પકડતું જાય છે તેવા સમયે જાણે કે અલ્પેશ ઠાકોર પણ આ પ્રવાહને વધુ વેગ આપવાનો હોય તેમ લાગી રહ્યું છે. જો કે આ મુદ્દે આવનારો સમય કેવા પરિણામો બતાવશે એ તો સમય જ બતાવશે.

# મોડાસા જીવદયાપ્રેમીઓની અનોખી પહેલ

## મોડાસામાં અકસ્માત નિવારવા ઢોરના શીંગડા પર રેડીયમ પટ્ટીઓ લગાવાઈ





મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં રખડતા ઢોર રાત્રીના સમયે રસ્તા ઉપર અડિંગો જમાવી બેસતા હોવાથી આવા ઢોરના કારણે અકસ્માતની ઘટનાઓ વારંવાર સર્જાતા વાહનચાલકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચવાની સાથે સાથે ગાયોને પણ મોટા વાહનોના લીધે અકસ્માતમાં ઈજાગ્રસ્ત થવાની સાથે મોતને ભેટવાની અનેક ઘટનાઓ બનતી નિવારવા માટે મોડાસાના જીવદયા પ્રેમીઓ અને મારૂતિ વિકાસ મંડળના સભ્યો દ્વારા આવા ઢોરના શીંગડાઓ પર રેડીયમ પટ્ટીઓ લગાવવામાં આવતા વાહનચાલકો અને જીવદયા પ્રેમીઓમાં આનંદ છવાયો હતો.

મોડાસા શહેરના માર્ગો પર અને બાયપાસ ધોરીમાર્ગ પર રખડતા ઢોર અને ગાયોના લીધે રાત્રી દરમ્યાન થતા માર્ગ અકસ્માતને નિવારવા જીવદયાપ્રેમીઓ અને મારૂતિ વિકાસ મંડળ દ્વારા નવતર પ્રયોગ હાથ ધરી રસ્તાઓ પર અડીંગો જમાવીને બેસેલી ગાયોને માલધારી યુવકોની મદદથી શીંગડા પર રેડીયમ પટ્ટીઓ (રીફલેક્ટર) લગાવવાનું મીશન શનિવારે સાંજના સમયે હાથ ધરાયુ હતુ. મોડાસાના જાણીતા જીવદયાપ્રેમી નિલેષભાઈ જોષી, સુરેન્દ્રસીંહ રાઠોડ, વિનોદ પટેલ, ધર્મેન્દ્રભાઈ ત્રિવેદી, અનિષ કાવઠીયા તેમજ માલધારી યુવકો ગફુરભાઈ રબારી, ભરતભાઈ રબારી તેમજ મારૂતિ વિકાસ મંડળના સદસ્યો દ્વારા મોડાસાના ડિપ વિસ્તારમાં રખડતા પશુઓ શોધીને તેમના શીંગડા પર રેડીયમ પટ્ટીઓ લગાવવામાં આવી હતી.

જીવદયાપ્રેમી નિલેષભાઈ જોષીના જણાવ્યા અનુસાર મોડાસા શહેરના માર્ગો પર ગાયોના ટોળાઓ બેસી રહેતા વાનચાલકોને રાત્રીના સમયે ગાયો દેખાતી ન હોવાથી અકસ્માતની ઘટનાઓ બનતી હોય છે. જેમાં વાહનચાલકો અને ગાયો ઈજાગ્રસ્ત બનતા પ્રજાજનો અને જીવદયાપ્રેમીઓ ચિંતામાં ગરકાવ થઈ જતા હતા ત્યારે મોડાસા શહેરમાં જીવદયા પ્રેમીઓ દ્વારા અનોખી પહેલ કરી ગાયોના શીંગડાઓ પર રેડીયમ પટ્ટી લગાવતા રેડીયમ પટ્ટીઓ લગાવેલી ગાયો દૂરથી અંધારામાં પણ વાહનચાલકોને દેખાઈ જશે અને અકસ્માત થતા અટકી જશે. વાહનચાલકો દ્વારા અનોખી પહેલને વધાવી લીધી હતી.

### અરવલ્લી જિલ્લામાં રખડતા ઢોરના શીંગડા પર રેડીયમ લગાવવા સ્વૈચ્છીક સંસ્થાઓ જોડાશે

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં જીવદયા પ્રેમીઓ દ્વારા રખડતી ગાયોના શીંગડે લગાવેલા રેડીયમ પટ્ટીથી જિલ્લાની અન્ય સામાજીક સંસ્થાઓ દ્વારા અનોખી પહેલને બીરદાવી આગામી સમયમાં જિલ્લાના તમામ મુખ્ય શહેરોના માર્ગો પર રખડતા ઢોરને શીંગડે તેમજ ગળામાં રીફલેક્ટર લગાવવા જોડાશે. જેથી વાહનચાલકો અને ગાયની અકસ્માતની ઘટનાઓમાંથી ઉગારી શકાશે.



પાલનપુર-આબુ હાઈવે પર ચિત્રાસણી પાસે રેલવે અંડરબીજ આવેલો છે. વહીવટી અણઆવડતની ગવાહી પુરી પાડતા રેલવે ગરનાળામાં દર વર્ષે વરસાદી પાણી ફરી વળે છે. જેના કારણે દર ચોમાસામાં વાહન ચાલકોને ભારે હેરાનગતિનો ભોગ બનવુંડે છે. ત્યારે આજે ફરી એકવાર બાલારામથી પરત ફરી રહેલી એક લકઝરી બસ વરસાદી પાણીથી ભરેલા આ રેલવે ગરનાળામાં ફસાઈ ગઈ હતી. જેને પગલે બસમાં મુસાફરી કરી રહેલા મેતા ગામના પંચાવનથી વધુ મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા. જોકે, ત્રણેક કલાકની જહેમત બાદ ક્રેનની મદદથી બસને બહાર કાઢવામાં આવતા નાગરિકોએ હાશકારો અનુભવ્યો હતો. અગાઉ પણ અંબાજીથી આવતી એક લકઝરી બસ ફસાઈ ગઈ હતી. આ સમસ્યાના ઉકલેની માંગ સાથે તાજેતરમાં ચિત્રાસણીના એક યુવકે આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો. આમ છતાં કુંભકર્ણની ગાઢ નિંદ્રામાં પોઢેલા જિલ્લા પ્રશાસનની ઉંઘ ઉડતી નથી.

# ભિલોડાના વેજપુર ગામે દહેજના મુદ્દે પરણિતાની સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ

ભિલોડા,તા.૨૭

ભિલોડા તાલુકાના વેજપુર ગામની પરણીતાને શારીરીક અને માનસીક ત્રાસ ગુજારી વારંવાર દહેજની માંગણી કરતાં સાસરીયાઓ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાઈ છે.ભિલોડા તાલુકાના વેજપુર ગામના મુળ રહેવાસી હાલ રહેવાસી.ચિઠોડા ભારત સ્ટુડીયોવાળા કલ્પેશભાઈ અમૃતભાઈ ભગોરા સાથે અવંતિકાબેન ભગોરાના સામાજીક રીતી-રીવાજ મુજબ ચાર વર્ષ પુર્વે લગ્ન થયા હતા.વેજપુર ગામની પરણીતા અવંતિકાબેન ભગોરાને સાસરીયાઓ ધ્વારા શારીરીક,માનસીક ત્રાસ ગુજારી વારંવાર દહેજની માંગણી કરતા હતા.વેજપુરની પરણીતાના સસરા અમૃતભાઈ ઉર્ફે રાજુભાઈ ભગોરા દારૂ પી ને છાકટા બનતા પરણીતાને મારઝુડ કરી બિભત્સ અપશબ્દો બોલી પરણીતાને કહેતા હતા કે કરીયાવરમાં માં-બાપ દહેજમાં ચાર-પાંચ લાખ રૂપિયા તો આપે જ છે ને?તારા બાપે કંઈ આપેલ નથી તેમ કહી તારો બાપ તો ભીખારી છે.વેજપુરની પરણીતાને શારીરીક માનસીક ત્રાસ ગુજારી ગળદાપાટુનો માર મારી દહેજની વારંવાર માંગણી કરી મ્હેણાં-ટોણા મારી પરણીતાને હેરાન-પરેશાન સાસરીયાઓ ધ્વારા કરાતી હતી.પરણીતાને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ સાસરીયાઓ ધ્વારા અપાતી હતી ત્યારે પરણીતાએ પીયરની વાટ પકડી હતી.વેજપુર ગામની પરણીતા અવંતિકાબેન કલ્પેશભાઈ ભગોરાએ (૧)કલ્પેશભાઈ અમૃતભાઈ ભગોરા(પતી) (૨)અમૃતભાઈ ઉર્ફે રાજુભાઈ ધુળાજી ભગોરા(સસરા) (૩)શીલાબેન અમૃતભાઈ ભગોરા(સાસુ) (૪)રાહુલભાઈ અમૃતભાઈ ભગોરા (દિયર) વેજપુર ગામના મુળ રહેવાસી હાલ રહેવાસી.ચિઠોડા ભારત સ્ટુડીયોવાળા વિરૂધ્ધ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં શારીરીક,માનસીક ત્રાસ અને દહેજની માંગણી કરતાં સાસરીયાઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસએ ગુનો નોંધી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી છે.

# મોડાસાના મેઘરજ માર્ગ પરના જોખમી ડીવાઈડરથી વારંવાર અકસ્માત



અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના મેઘરજ રોડ એલઆઈસી ઓફીસ સામે રહેલુ જોખમી ડિવાઈડરથી અનેક વાહનચાલકો અકસ્માતનો ભોગ બન્યા છે. ડીવાઈડર તો બનાવી દેવાયુ પરંતુ ડિવાઈડર પર રીફલેક્ટરના અભાવે અનેક વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. ડિવાઈડર ન દેખાતા ડિવાઈડર પર કાર ચડી જતા લોખંડના સળીયાથી કારનો આગળનો ભાગ ચિરાઈ ગયો હતો. સદનસિબે જાનહાની ટળી હતી. મેઘરજ રોડ પર રહેતા લોકોના જણાવ્યા અનુસાર અચાનક ડિવાઈડર આવી જતા વાહનચાલકો અકસ્માતનો ભોગ બનતા હોવાથી ડિવાડર દિશા સૂચન બોર્ડ અને રીફલેક્ટર જવાબદાર તંત્ર દ્વારા તાત્કાલીક લગાવવામાં આવે તો નિર્દોષ વાહનચાલકો ડિવાઈડરથી થતા અકસ્માતમાં ઘટાડો નોંધાયો છે.

# પાલનપુર નગરપાલિકા દ્વારા ફેરિયાઓનો સર્વે હાથ ધરાયો

પાલનપુર, તા.૨૭

પાલનપુર શહેરમાં શાકભાજી, ફ્રુટસ તથા અન્ય વસ્તુઓની ફેરી/પથારી કરતા તથા લારીવાળા અને તમામ પ્રકારની ફેરી કરતાં ફેરીયા ભાઈ-બહેનોનો નગરપાલિકા ધ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો છે. પાલનપુર નગરપાલિકામાં ગુજરાત અર્બન લાઈવલી હુડ મિશન ધ્વારા નિયુક્ત કરેલ શ્રી ઈગલ સોફટફેર ઈન્ડીયા પ્રા.લિ. એજન્સી ધ્વારા પાલનપુર શહેરના વિસ્તારોમાં શહેરી શેરી ફેરીયાઓનો સર્વે કરવામાં આવી રહ્યો છે. સર્વે કરનાર એજન્સીના નિયુકત કરેલ કર્મચારીશ્રી તુલશીભાઈ ડાભીનો મોબાઈલ નંબર.૮૯૦૫૪ ૭૦૯૩૨, ૮૪૬૦૦ ૧૦૦૩૦અને૯૧૭૩૩ ૪૧૬૫૮ છે. આ કામગીરી સ્થળ ઉપર જ કરવામાં આવશે. સર્વે બાદ ફેરીયાઓને નગરપાલિકા ધ્વારા ઓળખકાર્ડ આપવામાં આવશે. સર્વેયર આપની પાસે આવે તો તમામ પ્રકારનો સહયોગ આપવા તથા માંગેલ જરૂરી વિગતો આધારકાર્ડ, રેશનકાર્ડ, ચૂંટણી કાર્ડ વગેરે પુરી પાડવા મદદનીશ પ્રોજેકટ ઓફિસર અને મુખ્ય અધિકારીશ્રી પાલનપુર નગરપાલિકા ધ્વારા વિનંતી કરવામાં આવી છે.

# બાયડ-ભુડાસણા માર્ગ મામલે કોંગ્રેસનું રસ્તા રોકો આંદોલન

## ધારાસભ્ય સહિત ૨૮ કાર્યકરોની અટકાયત



બાયડ, તા. ૨૮

બાયડથી દહેગામ પર અસહ્ય ગાબડા પડી જતાં વાહનચાલક હેરાન પરેશાન થઈ ગયા છે. જેના કારણે અકસ્માતો અગાઉ સર્જાયા છે. બાયડ-દહેગામનો રોડ એ બાયડ માટે જ નહી પણ સમગ્ર મહીસાગર, પંચમહાલ, દાહોદ, ઝાલોદ સાથે જોડતો મહત્વનો માર્ગ હોય તેને અનુસંધાને પ્રજાજનો દ્વારા માર્ગ મકાન વિભાગ ગાંધીનગર ખાતે હાઈવે મામલે વારંવાર લેખીત રજુઆતો કરવામાં આવી હતી. પણ ગાંધીનગર ખાતે બેઠેલા નેતાઓ તેમજ અધિકારીને લેખીત રજુઆતથી કોઈપણ ફેર ન પડતા તેના કારણે સ્વયંભુ આંદોલન પ્રજાજનો દ્વારા તા. ૨૮-૮-૨૦૧૬ના રોજ ૧૧.૦૦ કલાકે રસ્તા રોકો આંદોલન રાખેલ છે. તેવો સોશીયલ મીડીયામાં મેસેજ તેમજ મીડીયામાં સમાચાર આંદોલનના પ્રસિદ્ધ થતાં તાત્કાલીક તા. ૨૬-૮-૨૦૧૬ના રોજ મોડી સાંજે નીતિનભાઈ પટેલ દ્વારા દહેગામથી ડુમેચા સુધીનો હાઈવે ૪૦ કરોડના ખર્ચે મંજુર કરી આંદોલન સમેટવાનું એક કાવતરૂ ઘડવામાં આવ્યું હતું. પણ બાયડથી ભુડાસણ પાટીયા હાઈવે રાજ્ય સરકાર દ્વારા મંજુર ન કરતાં બાયડ તાલુકાને અન્યાય થયો હતો તે મામલે કોંગ્રેસના ધારાસભ્યના



માર્ગદર્શન હેઠળ બાયડ તાલુકાના ભુડાસણ ખાતે ઉપવાસ આંદોલન યોજવાનું હતુ પણ સરકાર દ્વારા ઉપવાસ આંદોલનની પરવાનગી ન આપતાં ત્યારે કોંગ્રેસ દ્વારા રસ્તા રોકો આંદોલન કરવામાં આવ્યું હતું. ત્યારે આંબલીયારા પોલીસ દ્વારા ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા સહિત ૨૮ કાર્યકર્તાઓની પોલીસે ધરપકડ કરી બાયડ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા.

કોંગ્રેસ દ્વારા આંદોલનની જાહેરાત કરતા જિલ્લા પોલીસ વડા તેમજ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા પોલીસ બંદોબસ્ત બાયડ દહેગામ રોડ પર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો ત્યારે દહેગામ પોલીસ દ્વારા પણ દહેગામથી ડુમેચા સુધી પણ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ત્યારે બાયડથી અમદાવાદ તરફ જનારી એસટી બસોને બાયડથી વાયા ધનસુરા થઈ અમદાવાદ તરફ જવાના રૂટ કરી નાખ્યો હતો. ગાંધીનગર ખાતે સ્થાનીક નેતાઓની કોઈપણ રજુઆત કોઈ સંભાળતુ નથી તેવું આ હાઈવેની સમસ્યાને કારણે નજરે પડે છે.

બાયડથી ભુડાસણ સુધી હાઈવે સમસ્યાને કારણે ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા દ્વારા તા. ૨૮-૬-૨૦૧૬ના રોજ રાજ્યના નાયબ મુખ્યમંત્રીને બાયડથી ભુડાસણ પાટીયા સુધીનો હાઈવે મંજુર કરવા માટે લેખીત રજુઆત કરવામાં આવી હતી. તેમ છતાં નાયબ મુખ્યમંત્રી દ્વારા આ હાઈવે મામલે કોઈપણ પગલા ન ભરતાં બાયડ તાલુકાની પ્રજાજનો દ્વારા સ્વયંભુ આંદોલન કરવાનું રાજ્ય સરકારને અલ્ટીમેટમ આપ્યુ હતુ. સરકારે કોઈપણ જાતના પગલા ન લેતા તા. ૨૮-૮-૨૦૧૬ના રોજ કોંગ્રેસ તેમજ પ્રજાજનો દ્વારા રસ્તા રોકો આંદોલન કરવામાં આવ્યું હતું.

# મહેસાણા તાલુકાના ધોળાસણમાં વિવિધ શિક્ષણ સંકુલ વિકાસ કામોના ઉદ્ઘાટન



મહેસાણા, તા. ૨૮

મહેસાણા જિલ્લાના ધોળાસણ ગામમાં ધોળાસણ કેળવણી મંડળ સંચાલિત સાર્વજનિક ઉચ્ચત્તર માધ્યમિક શાળાના નવીન મકાનનું ઉદ્‌ઘાટન અને તેનું નામકરણ, પ્રાર્થનાખંડ, જલધારા અને પ્રવેશદ્વારનું લોકાર્પણ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને સાંસદ જયશ્રીબહેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત રાજ્ય નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે જીવનમાં શિક્ષણનું અતિ મહત્વ છે. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાશક્તિથી શિક્ષણનો અવિરત વિકાસ થયો છે. સમાજ જીવનમાં શિક્ષણની ગતિ અને સમાજને દિશા આપવાનું કામ રાજ્ય સરકાર દ્વારા થઈ રહ્યું છે. શિક્ષણનું મહત્વ આપતાં જણાવ્યું હતું કે જીવન ઘડતર માટે પાયાનું શિક્ષણ છે.

નાયબ મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે ધાધુસણ નર્મદા પાઈપ લાઈનનું કામ અંદાજીત કરોડોના ખર્ચે પુર્ણ થયું છે. ઉપરાંત જિલ્લામાં રોડ અને રસ્તાઓના વિકાસ માટે ૧૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચ કરાયો છે.

શિક્ષણ અને મહેસુલ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે ભુતકાળણાં શિક્ષણ પ્રત્યે દુર્લભ સેવાતું હતું. છેલ્લા વર્ષોમાં દરેક સમાજને શિક્ષણ મળે તે માટે સરકાર દ્વારા આ મહાઅભિયાનની શરૂઆત કરી છે. ભારતના વડાપ્રધાન અને રાજ્યના પુર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે શિક્ષણમાં સુધારા સાથે ગુણાત્મક પરિણામ લાવવા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાની શરૂઆત કરી હતી.

# નવલપુર પાટીયા પાસેથી ગેરકાયદે ડાલામાં ભરી લઈ જવાતા પાંચ પશુઓને બચાવાયા

હિંમતનગર, તા.૨૮

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર-વિજાપુર રોડ પર આવેલ નવલપુર પાટીયા પાસેથી રવિવારે એક પીકઅપ ડાલામાં પાસ પરમીટ વિના લઈ જવાતા પાંચ પશુઓને હિંમતનગર ગ્રામ્ય પોલીસે બચાવી લઈ અજાણ્યા પીકઅપ ડાલાના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ નવલપુર પાટીયા પાસેથી એક શખ્સ પીકઅપ ડાલા નં.જીજે.૨.ઝેડ.૩૦૬૭માં પાંચ ગાયોને પાસ પરમીટ વિના ભરીને લઈ જતો હતો. જે અંગે ગ્રામ્ય પોલીસ સ્ટેશનના હર્ષદકુમાર સોમનાથને જાણ થતાં તેમણે આ ડાલાને ઉભું રખાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પીકઅપ ડાલાનો ચાલક ભાગી ગયો હતો. જેથી પોલીસે પીકઅપ ડાલામાં ભરેલ રૂ.૭૫ હજારની કિંમતની પાંચ ગાયોને બચાવી લીધી હતી અને અજાણ્યા પીકઅપ ડાલાના ચાલક વિરૂધ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.